## વિષય :- સામાજિક વિજ્ઞાન ધોરણ :- 7 બીજું સત્ર

## પાઠ નંબર: 7 ભક્તિયુગ:ધાર્મિક સમુદાયો અને વિચારકો 25 marks

**વિદ્યાર્થીનું નામ:-.......................................................................................**

**૧ નીચે આપેલા દરેક પ્રશ્નના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી આગળ √ કરો. 7 marks**

1. ભારતમાં ભક્તિ આંદોલન ક્યારે થયું હતું?

(A) આદિકાળમાં (B) પ્રાચીનકાળમાં (C) મધ્યકાળમાં (D) અર્વાચીનકાળમાં

2. ભક્તિ આંદોલનમાં સંતો અને ફકીરો દ્વારા કયો વાદ રજૂ કરવામાં આવ્યો?

(A) દ્વૈતવાદ (B) અદ્વૈતવાદ (C) ઐક્યવાદ (D) એક પણ નહીં

3. દક્ષિણ ભારતમાં ધાર્મિક આંદોલનનો પ્રચાર પ્રસાર કોણે કર્યો હતો?

(A) સૂફી સંતોએ (B) અલવાર -નયનાર સંતોએ (C) શીખ ગુરૂઓએ (D) એક પણ નહિ

4.ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલનની શરૂઆત કરનાર સંતોમાં કોનો સમાવેશ થતો નથી?

(A) તુકારામ (B) રામાનંદ (C) તુલસીદાસ (D) સુરદાસ

5. શીખ ધર્મનો પવિત્ર ધર્મગ્રંથ કયો છે?

(A) બીજક (B) "ગુરુગ્રંથ સાહિબ' (C) "સત્યાર્થ પ્રકાશ (D) "અવેસ્તા'

6. "રામચરિત માનસરની રચના કરનાર સંત કોણ હતા?

(A) રામાનંદ (B) વાલ્મીકિ (C) સંત જ્ઞાનેશ્વર (D) સંત તુલસીદાસ

7. વૈષ્ણવ જન તો તેને કહીએ" પદના રચયિતા કોણ હતા?

(A) ગાંધીજી (B) મીરાંબાઇ (C) સૂરદાસ (D) નરસિંહ મહેતા

**પ્રશ્ન - 2 બંધ બેસતાં જોડકાં રચો. 5 marks**

| વિભાગ- (અ) | ઉત્તર | વિભાગ- (બ) |
|---|---|---|
| 1. વિનય પત્રિકા | 1. | A. સંત કબીર |
| 2. દાસ બોધ | 2. | B. તુલસીદાસ |
| 3. ગુરૂગ્રંથ સાહિબ | 3. | C. જ્ઞાનેશ્વર |
| 4. બીજક | 4. | D. નાનક |
| 5. જ્ઞાનેશ્વરી | 5. | E. રામદાસ |

**3 મને ઓળખો. 4 marks**

1. મે બંગાળમાં કૃષ્ણ ભક્તિનાં પદો રચીને 'હરિબોલનો મંત્ર ગુંજતો કર્યો.

2. મારાં પદો અને પ્રભાતિયાં ગુજરાતમાં ઘેર ઘેર લોકપ્રિય છે.

3. મેં વ્રજમાં રહીને શ્રી કૃષ્ણનાં પદો રચ્યાં હતાં.

4. મારા અભંગો મહારાષ્ટ્રમાં ખૂબ જ જાણીતા છે.

**પ્રશ્ન - 4 યોગ્ય શબ્દો વડે નીચેનાં વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો. 4 marks**

1. મધ્યકાળમાં ભક્તિ આંદોલનની સાથે ............ આંદોલન પણ થયું હતું.

2. શંકરાચાર્યનો જન્મ ................. સ્થળે થયો હતો.

3. ગુરૂનાનક .................. ધર્મના સ્થાપક હતા.

4. ગુજરાતી ભાષાના આદિકવિ ....................... છે.

**1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો. 5 marks**

(1) દક્ષિણ ભારતમાં ધાર્મિક આંદોલનોનું નેતૃત્વ કયા સંતોએ લીધું હતું?

➢ જ.-

(2) બંગાળમાં 'હરિબોલ'નો મંત્ર કોણે ગુંજતો કર્યો હતો ?

➢ જ.-

(3) તુલસીદાસે કયા ગ્રંથોની રચના કરી હતી ?

➢ જ.-

(4) શીખોના પવિત્ર ગ્રંથ "ગુરુ ગ્રંથસાહિબ'માં કયા સંતની કવિતાઓનો સમાવેશ કરેલ છે ?

➢ જ.-

(5) ભારતમાં સૂફી મત ફેલાવનાર સૂફી સંત કોણ હતા?

➢